પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૧૨-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### તવાંગ તો ટ્રેલર છે, પિચ્ચર હજુ બાકી છે

## ભારતના ત્રણ રાજ્યનો ચીનની ૫ ફિંગર પોલિસીમાં સમાવેશ, નકશા ઉપર આકાર આપવાનો બળપૂર્વક પ્રયાસ કરે છે





નવીદિલ્હી,

ચીન તેની વિસ્તારવાદની નીતિને વિસ્તારી રહ્યું છે. પોતાની વિસ્તારવાદની નીતિને વધુ આક્રમક બનીને ચીને ભારતના ઘૂસણખોરી કરવાનો પ્રયાસ વધાર્યો છે. લદ્દાખના ગલવાન ખીણપ્રદેશમાં જે પ્રકારે ચીનના સૈન્ય જવાનોએ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો તે જ રીતે ચીનને હવે અરુણાચલ પ્રદેશના તવાંગ સેકટરમાં પ્રસાય કર્યો છે. જો કે ચીન દ્વારા ઘૂસણખોરીના બન્ને પ્રયાસોને ભારતીય સૈન્યે નિષ્ફળ બનાવી દિધા છે.

દુનિયાભરમાં સૈન્ય અડપલાથી વિવાદ સર્જનાર ચીન, હજુ સુધર્યું નથી. વિસ્તરણવાદી નીતિને સંપૂર્ણ રીતે અલમમાં મૂકનાર ચીન, હવે ભારત પ્રત્યે સતત આક્રમક બની રહ્યુ છે. ચીનના સૈનિકોએ અરુણાચલ પ્રદેશના તવાંગમાં ઘૂસણખોરી કરી હતી. જેના પગલે, ભારતીય સેના અને ચીનના સૈન્ય જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. ચીન માત્ર ભારત સાથે જ આવુ નથી કરી રહ્યુ પરંતુ તેની આસપાસ આવેલ અન્ય દેશો સાથે પણ જમીન અને દરિયાઈ સરહદે વિવાદો સર્જયા છે. ચીનના તમામ પડોશી દેશ વિસ્તરણવાદની આ નીતિથી હેરાન પરેશાન થઈ ગયા છે. વિશ્વના નકશા પર એક નજર કરીશુ તો જણાશે કે ચીન, સૌથી વધુ ૧૪ નાના મોટા દેશ સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. આ તમામે તમામ દેશ સાથે સરહદને લઈને ચીન વિવાદ સર્જતુ જ આવ્યું છે.


ભારત હોય કે નેપાળ, ભૂટાન હોય કે તિબેટ, તમામ પર કબજો જમાવવાનું ચીન કાવતરુ ઘડી રહ્યું છે. જેને ફાઈવ ફિંગર પોલિસી તરીકે ઓળખવામાં આવે છે. ચીનની ફાઈવ ફિંગર પોલિસી અત્યંત વિવાદાસ્પદ છે, જો કે ચીને ક્યારેય પણ સત્તાવાર રીતે ફાઈવ ફિંગર પોલિસીનું નામ લેતું નથી પરંતુ હંમેશા તેને નકશા ઉપર આકાર આપવાનો બળપૂર્વક પ્રયાસ કરે છે. ૧૯૪૯માં સામ્યવાદી પાર્ટીએ ચીનમાં સત્તા સંભાળી, ત્યારે વિસ્તરણવાદની નીતિ પર કામ શરૂ થયું હતું. સરકારની રચના થતાં જ ચીને તિબેટ, પૂર્વ તુર્કસ્તાન અને મંગોલિયા પર કબજો કરી લીધો હતો. આંતરીક ગૃહયુદ્ધ પછી તાઈવાન નામનો એક અલગ દેશ અસ્તિત્વમાં આવ્યો હતો. આ અંગે ચીન હજી પણ તાઈવાનને પોતાનો હિસ્સો ગણાવે છે. વિસ્તારવાદ અને ફાઈવ પોઈન્ટ પોલીસીને અનુલક્ષીને, ચીને ૧૯૯૭માં હોંગકોંગ અને ૧૯૯૯માં મકાઉને પણ પોતાની સાથે જોડી દીધું હતું.

ભારત અને ચીન વચ્ચે અથડામણનો બનાવ અરુણાચલ પ્રદેશમાં બન્યો છે. ૧૯૬૨ના યુદ્ધમાં ચીનના સેન્યે અરુણાચલ પ્રદેશ રાજ્યમાં ઊંડે સુધી ઘૂસી ગઈ હતી અને અરુણાચલ પ્રદેશના મોટા વિસ્તાર પર કબજો કરી લીધો હતો. આજે ચીને અરુણાચલ પ્રદેશના કેટલાક ભાગમાં ગેરકાયદે કબજો ધરાવે છે. તેના પર ચીને ગામ પણ વસાવ્યા છે. આ વિસ્તાર નેફા તરીકે પણ ઓળખવામાં આવે છે. ચીન આ વિસ્તારમાં કોઈપણ ભારતીય નેતાની મુલાકાતનો ભારે વિરોધ કરે છે. તે અહીંના લોકોના ભારતીય પાસપોર્ટને ઓળખતા નથી. જ્યારે ચીન પાસે એવા કોઈ પુરાવા નથી, જેનાથી સાબિત થઈ શકે કે તે તેમની જમીન છે. વિસ્તારવાદને વરેલા ચીનનું પેટ ભારતના રાજ્યોની જમીન હડપ કરીને હજુ પણ ભરાયું નથી, તેથી જ ચીન હજુ પણ અરુણાચલ પ્રદેશના વધુ કેટલાક ભાગો ઉપર કબજે જમાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.ભારતની પૂર્વ બાજુ આવેલ પાડોશી દેશ ભૂટાનનો પણ ચીનની ફાઈવ ફિંગર નીતિમાં સમાવેશ થાય છે. ચીન લાંબા સમયથી આ અંગે દાવો કરી રહ્યું છે. ભારતની ભૂટાન સાથે સૈન્ય સંધિ છે, જે અંતર્ગત ભારત આ દેશને સૈન્ય સહાય પૂરી પાડે છે. ભારતીય દળો અહીં સુરક્ષાનું ધ્યાન રાખે છે. જો કે, ભૂતાનને મૂર્ખ બનાવવા ચીન અવનવા ગતકડા કરતુ રહે છે.

સિક્કિમ ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જ્યાં કુદરતી સૌદર્ય પણ સોળે કળાએ ખીલ્યુ છે, તો ભૌગોલિક દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. આઝાદી સમયે સિક્કિમ ભારતનો ભાગ ન હતુ. સિક્કિમનું વર્ષ ૧૯૭૫માં ભારતમાં વિલીનીકરણ થયું હતું. સિક્કિમના વિલીનીકરણ સમયે ચીને ભારે વિરોધ કર્યો હતો. પરંતુ તેની કોઈ ચાલ સફળ થઈ નહોતી. હવે આજના સમયમાં ચીન સિક્કિમને પોતાનું હોવાનો દાવો કરે છે. ચીની સેનાએ અવારનવાર સિક્કિમમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે.

નેપાળ સાથે સારા સંબંધો હોવાનો ચીન ભલે ગમે તેટલો દાવો કરે, પરંતુ તેની નેપાળ દેશ પર પણ ખરાબ નજર છે. નેપાળના મોટા ભાગ પર પણ ચીનનો કબજો છે. તાજેતરમાં, નેપાળના લોકો ચીનના વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. એક સમયે નેપાળે ભારતને સૈન્ય મદદ કરવા માટે વિનંતી પણ કરી હતી. ભારત હંમેશા નેપાળને મદદ કરતું આવ્યું છે. પરંતુ નેપાળની સામ્યવાદી સરકાર લાંબા સમય સુધી ચીનના ઈશારે કામ કરતી રહી છે. ભારતના ઉતરીય રાજય લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી અને લશ્કરી અડપલા કોઈનાથી છુપા નથી. ચીનની પીએલએ સેના સતત ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરતી રહી છે. ચીને પહેલાથી લદ્દાખનાજ મોટા વિસ્તાર ઉપર કબજો કર્યો છે. જે અક્સાઈ ચીન તરીકે ઓળખાય છે. તે એક સમયે ભારતનો જ એક પ્રદેશ હતો. ચીનનો ડોળો ગાલવાન ખીણ પર છે. જ્યાં જૂન, ૨૦૨૦ થી સરહદે તણાવ યથાવત્ છે. આ તણાવનો અંત લાવવા બંને દેશો વચ્ચે સૈન્ય અધિકારીસ્તરે લગભગ ૧૬ રાઉન્ડ બેઠક યોજાઈ છે. છતા સ્થિતિ યથાવત રહેવા પામી છે.

## અમદાવાદ પોલીસે મુખ્યપ્રધાનની લીધી શુભેચ્છા મુલાકાત, ભૂપેન્દ્ર પટેલે કહ્યુ મજૂર-શ્રમિકો હેરાન ના થાય તે જોજો



ગાંધીનગર,

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. તેમની સાથે અમદાવાદ શહેરના પોલીસ બેડાના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ અમદાવાદ જેવા મહાનગરમાં કાયદો વ્યવસ્થાની સંગીન સ્થિતી રહે તથા નાગરિકોને પુરતી સુરક્ષા-સલામતિનો અહેસાસ થાય તેવી વ્યવસ્થા માટે પોલીસ અધિકારીઓની 'ટિમ અમદાવાદ પોલીસ'ને માર્ગદર્શન આપ્યુ હતું.

આ મુલાકત દરમિયાન પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અમદાવાદમાં યોજાઈ રહેલા પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ સંદર્ભમાં ત્યાં આવનારા લોકોને પોલીસ સંબંધી જરૂરિયાત, મદદ અને સલામતી વ્યવસ્થા અંગે માહિતગાર કર્યા હતા.

અમદાવાદના આંગણજ વિસ્તારમા પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવવામા આવી રહ્યો છે. જેમા દેશના માન્નીય વડા પ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રીએ આ મહોત્સવનુ અનાવરણ કર્યુ હતુ. તેની સુરક્ષા માટે અમદાવાદ પોલીસે પુરતી તૈયારી કરી હતી. આ મહોત્સવ ૧૪ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી કાર્યક્રમ ઉજવવામા આવશે. તેમા દેશ અને વિદેશના મોટા નેતાઓ પણ જોડાશે તેથી સુરક્ષા માટે અમદાવાદ પોલીસ સજ્જ થઈ છે. ગુજરાત તેમજ દેશ-વિદેશના નાગરીકો પણ આ મહોત્સવમા જોડાયા છે તો તમામ લોકોની સુરક્ષા-સલામતિની જવાબદારી અમદાવાદ પોલીસે લીધી છે. આ અગાઉ ગાંધીનગર અક્ષરધામ મંદિરમા ૨૦૦૨ના આતંકી હુમલાને ધ્યાનમા રાખતા આ પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવમા અમદાવાદ પોલીસે પોતાની આગવી રણનીતિ બનાવી છે.જેથી કોઈ પણ જાતની દુરઘટનાનો સામનો ના કરવો પડે.

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવમા કેટલા સુરક્ષા કર્મચારીઓ ફરજ બજાવવાના છે તેથી મુખ્યમંત્રીને અવગત કર્યા હતા. જેમા આ મહોત્સવમા કુલ ૧૫૦૦થી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે. જેમા ૨૫ થી ૩૦ પીઆઈ અને પીએસઆઈ, ૬ DCP કક્ષાના અધિકારીઓ, ૨ SRP કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહોત્સવમા આવનારા VVIP લોકો માટે અલગ કેટેગરી પ્રમાણે બંદોબસ્ત ગોઠવવામા આવશે.

## ચીનનો ભારત સહિત દુનિયાના ૨૫ દેશો સાથે સીમા વિવાદ ચાલે છે

નવીદિલ્હી,

ચીનને માત્ર ભારત સાથે જ સીમા વિવાદ નથી બલકે ભારત સહિત દુનિયાના ૨૫થી વધુ દેશો સાથે ચીનનો જમીની અને સમુદ્રી સીમા મામલે વિવાદ છે. આમાં ૧૪ દેશો સાથે ચીનનો ભૂમિ સીમાનો વિવાદ છે. કાઉન્સીલ ઓન ફોરેન રિલેશન્સ (સીએફઆર) અને સંયુક્ત રાષ્ટ્ર અનુસાર ચીનના પોતાના બધા પડોશી દેશો સાથે દ્વીપ કે જમીની સીમાને લઈને વિવાદ ચાલી રહ્યો છે.

ઉશ્કેરણીની રણનીતિઃ ભારત, રશિયા, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન, જાપાન સહિતના અનેક દેશો સાથે ચીનની સીમા જોડાયેલી છે. તાઈવાનમાં પોતાનું જોર દેખાડવા ચીન વિમાનોથી ઘૂસણખોરી કરે છે. મકાઉ અને હોંગકોંગમાં પણ અસ્થિરતા ટકાવવા ચીન ઉશ્કેરણીનો ખેલ ખેલે છે.

રશિયાઃ ૧૬૨ વર્ષથી બન્ને દેશો વચ્ચે વિવાદઃ રશિયાના પૂર્વી ક્ષેત્રમાં અનેક હેકટર ભૂમિ ચીન પોતાની બતાવે છે. ભૂમિ અને દ્વીપને લઈને ચીનનો રશિયા સાથે ૧૮૬૦થી વિવાદ ચાલી રહ્યો છે. ચીન રશિયામાં વહેતી કેટલીક નદીઓનું પાણી પોતાનુ બતાવે છે.

ઈન્ડોનેશિયાઃ નતુના દ્વીપને લઈને બન્ને દેશો વચ્ચે વિવાદઃ આ મામલે બન્ને દેશો વચ્ચે લાંબ સમયથી વિવાદ ચાલે છે. આ સિવાય દક્ષિણ ચીન સાગર ક્ષેત્રમાં માછલી પકડવા મામલે પણ બન્ને દેશો વચ્ચે વિવાદની સ્થિતિ છે.


ફિલીપાઈન્સઃ આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં થઈ ફરિયાદઃ ચીન ફિલીપાઈન્સના બે દ્વીપો (ટાપુઓ)ને પોતાના બતાવતું આવ્યું છે. ફિલીપાઈન્સ આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં તેની ફરિયાદ કરી ચૂકયું છે.

જાપાનઃ સીમા વિવાદને લઈને ૬ વાર અથડામણઃ ચીન જાપાનના એનકાકૂ, રાયકુકુ દ્વીપને પોતાના કબજામાં લેવાની અનેકવાર કોશિશ કરી ચૂકયું છે. જાપાનના દક્ષિણક્ષેત્રમાં આવેલા દક્ષિણી ચીન સાગરના કેટલાક ભાગોને ચીન પોતાનું જણાવતું આવ્યું છે.

તાઈવાનઃ ૧૬૦ કિલોમીટર દૂર દ્વીપ પર નજરઃ દક્ષિણ-પુર્વથી તાઈવાનનું અંતર લગભગ ૧૬૦ કિલોમીટર છે. ચીન તાઈવાનને પોતાનો ભાગ બતાવતું રહ્યું છે, તેના માટે ચીન તાઈવાનની સીમાએ નિયમિત રીતે લડાયક વિમાનોની ઘુસણખોરી કરાવતુ રહે છે.

ચીને કબજાની તૈયારી કરી લીધીઃ ચીન ૨૦૨૫ સુધીમાં તાઈવાન પર કબજો જમાવી લેશે. ફિલીપાઈન્સના સ્માર્ટલી દ્વીપ પર ૨૦૩૦ પહેલા કબજો કરી લેશે. ૨૦૫૦ સુધીમાં જાપાન સેનકાકુ દ્વીપ છીનવી લેવાનું લક્ષ?ય રાખ્યું છે. રશિયાના કબજામાંથી વર્ષ ૨૦૫૦ સુધીમાં પોતાની જમીન પરત લેવાનું લક્ષ્ય છે.

## એવું લાગે છે કે મોદી સરકારની 'લાલ આંખ' ચાઈનીઝ ચશ્મા પહેરી લીધા છે : ખડગે



નવીદિલ્હી,

ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અરુણાચલ પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ગયા સપ્તાહે થયેલી અથડામણ પર ચર્ચાની માંગને લઈને સંસદમાં થયેલા હોબાળાનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કટાક્ષ કર્યો. ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટોણો મારતા કહ્યું કે કેન્દ્ર સરકારની 'લાલ આંખ' પર ચાઈનીઝ ચશ્મા લગાવવામાં આવ્યા છે. સંસદનું શિયાળુ સત્ર આ અઠવાડિયે વારંવાર વિક્ષેપિત થયું છે કારણ કે બંને ગૃહોમાં 'ભારત-ચીન સરહદ પરની સ્થિતિ' પર ચર્ચા કરવાની વિપક્ષની માંગને નકારી કાઢવામાં આવી હતી. મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે સવારે માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર પર જઈને લખ્યું, "એવું લાગે છે કે મોદી સરકારની 'લાલ આંખ' ચાઈનીઝ ચશ્મા પહેરી લીધા છે... શું ભારતીય સંસદમાં ચીન વિરુદ્ધ બોલવાની છૂટ નથી...?" ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની આગેવાની હેઠળ કોંગ્રેસના સાંસદોએ લોકસભામાંથી વોકઆઉટ કર્યું હતું જ્યારે સ્પીકરે ચર્ચાની તેમની માંગને નકારી કાઢી હતી. કોંગ્રેસ ઉપરાંત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને અન્ય કેટલાક પક્ષો ચીની સેના સાથેની અથડામણ પર ચર્ચા માટે દબાણ કરી રહ્યા છે પરંતુ બંને ગૃહોમાં રક્ષામંત્રી રાજનાથ સિંહના નિવેદન સિવાય સરકારે અત્યાર સુધીમાં ચર્ચાની માંગને ઠુકરાવી દીધી છે.

## લોકસભાની ચુંટણીનો રોડમેપ તૈયાર કરવા માટે ભાજપ એક સમિતિની રચના કરી

નવીદિલ્હી,

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ ૨૦૨૪ની લોકસભા ચુંટણી માટે રોડમેપ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરી છે.ભાજપ અધ્યક્ષના નિવાસ પર ઉત્તરપ્રદેશને લઈ થયેલી બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ,રક્ષા મંત્રી રાજનાથસિંહ,પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ,ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા મોજુદ રહ્યાં આ બેઠક ૨૦૨૪ની લોકસભા ચુંટણીની તૈયારીને લઈ થઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ ૨૦૨૪નો રોડમેપ તૈયાર કરવા માટે એક સમિતિ બનાવી છે આ ટીમ દરેક શહેર અને ગામે ગામમાં જઈ જમીની હકીકત જાણશે તે ૨૦૨૪ની લોકસભા ચુંટણી માટે જરૂરી કાર્યક્રમો અને અભિયાનની યોજનાને લઈ નિર્ણય પણ લેશે. જયારે મધ્યપ્રદેશના ભાજપ ધારાસભ્યે ભાજપની જેમ મધ્યપ્રદેશ સરકારમાં પણ ચુંટણી પહેલા પરિવર્તનની માંગ કરતા પાર્ટી અધ્યક્ષ જે પી નડ્ડાને પત્ર લખ્યો છે.આ સાથે જ તેમણે સ્ટેટ યુનિટને પણ નવું સ્વરૂપ આપવાની માંગ કરી છે.સતના જીલ્લાના વર્તમાન ભાજપ ધારાસભ્ય નારાયણ ત્રિપાઠીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાને પત્ર લખી ગુજરાતની જેમ મધ્યપ્રદેશમાં સરકારની સાથે સાથે પાર્ટીના રાજય એકમમાં પણ પુરી રીતે પરિવર્તનની માંગ કરી છે. ત્રિપાઠીએ પત્રમાં ગુજરાતમાં શાનદાર જીત માટે પાર્ટીને અભિનંદન આપતા કહ્યું કે મારા જેવા નાના કાર્યકર્તા જે પાર્ટીના શુભચિંતક છે અને મધ્યપ્રદેશમાં ફરીથી ભાજપની સરકાર બનાવવા ઈચ્છે છે તે સરકાર અને સંગઠનમાં પુરી રીતે પરિવર્તન માટે વિનંતી કરે છે જેથી સત્તા વિરોધી લહેર ખતમ થાય અને ગુજરાત જેવી જીત મધ્યપ્રદેશમાં પણ મળે.

## હવામાન વિભાગની આગામી ૨૪ કલાકમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેમા છોટા ઉદેપુર જિલ્લામાં ગઈ કાલે દેવળિયા ગામમાં કમોસમી વરસાદ પડ્યા બાદ નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં આમતા ગામમાં પણ વરસાદ પડ્યો હતો. આ સિવાય નવસારી, સુરત અન ભરૂચમાં પણ કમોસમી વરસાદ નોધાયો હતો. છેલ્લા બે દિવસથી વાદળ છાયા વાતાવરણ વચ્ચે વરસાદ પડ્યો હતો કમોસમી વરસાદી વાતાવરણ ને લઈ તુવરનાં પાકને નુકશાન થવાની ભીતી ખેડૂતોમાં છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતના અનેક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમા મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડશે. હવામાન વિભાગા જણાવ્યાં અનુંસાર બંગળાની ખાડીમાં સર્જાયેલા લૉ પ્રેસર અરબ સાગરમાં પ્રવેશીને વલમાર્ક લૉ પ્રેસરથી ડિપ્રેશનમાં પરિવર્તિત થયુ છે જેના કારણે આગામી ૨૪ કલાકમાં વરસાદ પડશે. હવામાન વિભાગ દ્વારા જણાવામાં આવેલ માહિતી અનુસાર સૂરત, ભરૂચ, ઉમરપાડા, નવસારી, છોટાઉદેપુર અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદી જાપટા પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે રાજ્યના મોટા ભાગના શહેરોનું મહત્તમ તાપામાન વધીને ૩૧ ડિગ્રી ને લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ પહોચી ગયુ છે. છોટાઉદેપુર જિલ્લામાં બીજા દિવસે પણ કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

હવામાન વિભાગ દ્વારા બે દિવસ અગાઉ કમોસમી વરસાદની જે આગાહી કરી હતી જે આગાહી સાચી પડી.હતી. નસવાડી તાલુકામાં ગઈ કાલે દેવળિયા વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો ત્યાર બાદ આજે નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં આડતિયા વિસ્તારમાં માવઠું પડ્યું હતું. કમોસમી વરસાદથી ખાસ કરીને કપાસ, તુવેર, મકાઈ સહીત નાં અન્ય પાકમાં નુકસાન ની ભીતિ. જણાતા હાલ ખેડૂતોમાં ચિંતા નું મોજુ ફરી વળ્યુ છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
આર. ડી. નાયકા
તરફથી અભીનંદન....
મુ. માલવણ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એમ. વી. ખેર
તરફથી અભીનંદન....
મુ. ભાદરોલી બુઝર્ગ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જે. એમ. શાહ
તરફથી અભીનંદન....
મુ. બોડીદ્રા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ. એન. શાહ
તરફથી અભીનંદન....
મુ. દેલોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર પાદેડી અડોર ગામે PHC કેન્દ્રમાં લાલીયાવાડી બપોરના સમયે બંધ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના આરોગ્યતંત્રની ગોળ બેદરકારી સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામે વેલેન્સ હેલ્થ સબ સ્ટેશન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નું બપોરના સમયે જ બંધ હાલતમાં જોવા મળ્યો. સરકારના નિયમ મુજબ સંતરામપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૨૪ કલાક માટે ચાલુ રાખવામાં આવે છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સવારથી સાંજ સુધી દર્દીઓને સારવાર મળી રહે ઘર આંગણે તેના હેતુથી ચાલુ કરવામાં આવેલા હતા. ત્યાર પછી સંતરામપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટરો શરૂ કરવામાં આવેલા જેમાં રૂપિયા ૩૫ લાખના ખર્ચે પાકા મકાનો બાંધકામ કરીને ગામડાના નજીકના લોકોને સારવાર મળી શકે અને નિયમ મુજબ એક સ્ટાફ નર્સ અને એક ડોક્ટર સબ સ્ટેશન પર હાજર રહેવું ફરજિયાત હોય છે તેમ છતાં આરોગ્ય તંત્રના બેદરકારી અને ગોર બેદરકારી અત્યારે જોવા મળી રહેલી છે. બપોરના સમયે જ આરોગ્ય સબ સેન્ટર બંધ જોવા મળી આવ્યું. સરકાર દ્વારા ગરીબોને ખાનગી હોસ્પિટલોમાં પૈસાનું ખર્ચ ના કરવો પડે અને મફત સારવાર મળી રહે તેના હેતુથી ગામડે ગામડે આવા આરોગ્ય સેન્ટર ઉભા કરવામાં આવેલા હતા પરંતુ ના છુટકે આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગરીબ દર્દીઓને નાછૂટકે ખાનગી હોસ્પિટલોમાં અડકણ રકમ ખર્ચ કરીને ખાનગી હોસ્પિટલો મેં અને ક્લિનિકાને દવાખાનામાં સારવાર કરવા મજબૂર બનતા હોય છે. હાલમાં સંતરામપુર તાલુકામાં શરદી-ખાંસીનું વાવડ ચાલી રહ્યું છે અને મોટી સંખ્યામાં જોવા મળતા હોય છે. આવી રીતે સરકારી રહે આરોગ્ય વિભાગ સબ સેન્ટરો બંધ હોવાના કારણે દર્દીઓનો વિશ્વાસ નથી થતો હોય છે અને આજે હાલમાં મોટાભાઈ હોસ્પિટલ જોવા મળી રહી છે. કારણ કે, સંતરામપુર તાલુકાના આંતર્ય વિસ્તારમાં આરોગ્ય વિભાગનું સ્ટાફ મેડિકલ ઓફિસર આયુષ્માન ડોક્ટરની સંખ્યામાં અંતરિય વિસ્તારમાં ખુલ્લી મારતા હોય છે. આવી ગંભીર પરિસ્થિતિ જોવાયેલી છે. જિલ્લા આરોગ્ય તંત્રો દ્વારા આરોગ્ય વિભાગ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે અને રાબેતા મુજબ અને સરકારના નિયમ મુજબ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ રાખવામાં આવે અંતરિયાળ વિસ્તારના મોટાભાગના દર્દીઓ તેનો લાભ લઈ શકે હવે ખાનગી હોસ્પિટલોમાં ક્લિનિકોમાં મોટી સંખ્યામાં રહેલી હોય તો હાલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેના સબ સેન્ટર પેટા વિભાગના રજીસ્ટરમાં ઓપીડી ચેક કરવામાં આવે તો માંડ ૫ થી ૧૦ જ દર્દીઓની સંખ્યા જોવીઓ જોવા મળી રહે આ પરિસ્થિતિ જોવા મળી રહેલી છે. આદિવાસી વિસ્તારના ગરીબ દર્દીઓને આવી કાળઝર મોંઘવારીમાં રાહત દરે અને મફત સરકારી આરોગ્ય સબ સેન્ટર પર સારવાર મળી રહે આદિવાસી ગામડાના દર્દીઓની માંગ ઉભી થયેલી છે. મળતી માહિતી મુજબ ઘણીવાર તો સબ સેન્ટર પર અડધો કલાક માટે જ ડોક્ટર આવતા હોય અને પછી બંધ કરીને જતા રહે છે તેવું પણ ગામના લોકોમાં ચર્ચા કરેલું છે.

## ધર્મ પરિવર્તનનો કિસ્સો :

# પંચમહાલ દાહોદ મહીસાગર ના ૪૫ જેટલા લોકોએ બાલાસિનોરની હોટલમાં સામૂહિક ધર્મ પરિવર્તન કર્યું




બાલાસીનોર,

બાલાસિનોરમાં સામૂહિક ધર્મપરિવર્તનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગત રવિવારના રોજ પોરબંદર થી આવેલા ધર્મગુરૂ દ્વારા નડિયાદ, આણંદ, બાલાસિનોર અને પંચમહાલ જિલ્લામાંથી આવેલા ૪૫ લોકોનું ધર્મ પરિવર્તન કરાવ્યાની વાતે ચકચાર મચી ગઈ છે. જો કે અંગે તંત્ર અજાણ હોવાનું બહાર નિર્ણય આવ્યું છે.

બાલાસિનોરમાં આવેલ હોટલ ગાર્ડન પેલેસ ખાતે ગત રવિવારે ધર્મ પરિવર્તન માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોરબંદર થી આવેલા બૌદ્ધધર્મના ધર્મગુરૂ ભંતે પ્રજ્ઞારત્ન થોરોની હાજરીમાં બાલાસિનોર નગરના રોહિતવાસના ૭, મહીસાગર, ખેડા અને પંચમહાલ જિલ્લાના મળી કુલ ૪૫ લોકોએ હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ ધર્મમાં પરિવર્તન કરી લીધું હતું.કલેક્ટરને કરેલી અરજીનો જવાબ નહી મળતા અમે કાર્યવાહી કરીશું ધર્મપરિવર્તન માટે અમે નિયત નમુના ફોર્મમાં મહીસાગર કલેક્ટરને લેખિત અરજીઓ કરી હતી. એક મહિના અગાઉ અમે અરજી કરી હતી. પરંતુ કાયદામાં જોગવાઈ છે કે અરજી કર્યાના એક મહિના સુધી કોઈ જવાબ ન મળે તો અમને પરમિશન મળ્યા બરાબર છે. એટલે અમારે અરજી કર્યાને એક મહિનો થઈ ગયો હોઈ અમે અમારી મરજી મુજબ પરિવર્તન કર્યુ છે.

ધર્મ અંગીકાર કરનાર :-
કમલેશ માયાવંશી.

# ડાયટ સંતરામપુરના તાલીમાર્થીની ઈન્ટર્નશિપ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરમાં તાલીમ મેળવી રહેલા ડી.એલ.એડના તાલીમાર્થીઓની ઈન્ટર્નશિપ બે ગ્રુપમાં યોજાઈ હતી. જેમાં ગ્રુપ-એ ઉંબેર પગાર કેન્દ્ર ખાતે તેમજ ગ્રુપ-બી રાણીજીની પાદેડી ખાતે યોજાઇ હતી. જેમાં તાલીમાર્થીઓ વર્ગખંડનો અનુભવ મેળવવા માટે પૂર્વ આયોજન કરી આ બંને પ્રાથમિક શાળામાં પહોચ્યા હતા. પહેલા દિવસે જ તાલીમાર્થી ખૂબ ઉત્સાહિત હતા સાથે શાળાના બાળકોમાં પણ ખુબજ ઉમંગ જોવા મળ્યો હતો. તાલીમાર્થીઓ પોતાના દૈનિક આયોજન મુજબ પ્રાર્થના, ભજન, ધૂન સાથે અભિનય, બાળવાર્તા જેવી વિવિધ પ્રવૃતિઓથી અવગત કરવામાં આવ્યા હતા. તેઓ પોતાના પાથ આયોજન મુજબ વર્ગમાં જઈને બાળકો સાથે સંવાદ પરિચય મેળવીને બાળકોને અધ્યાપન કરવામાં આવ્યું. આ સાથે શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી, મદદાન પ્રક્રીયા, યોગાસન, રમત-ગમત તેમજ સાંકૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ બધા કાર્યક્રમનું આયોજન કરવા પાછળનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે સાથે તાલીમાર્થીઓને આ બધી પ્રવૃત્તિઓ કરવાથી તેમનામાં અનુભવ, સાથે સાથે કઈક નવું કરવાંની જિજ્ઞાસા વધે એ હેતુથી શાળાઓમાં ઈન્ટર્નશિપ યોજવામાં આવે છે. આ ઈન્ટર્નશિપમાં મુખ્ય માર્ગદર્શક તરીકે ડાયટના સિનિયર લેક્ચરર ડો.હર્ષદ પટેલ સહિત તમામ લેક્ચરરઓ દ્વારા આપવામાં આવ્યું હતું અને ઈન્ટર્નશિપ બાબતે તમામ તાલીમાર્થીઓ ને તૈયાર કરવામાં આવ્યા હતા અને આમ કુલ ૧૨ દિવસની પ્રાથમિક શાળામાં સફળતા પૂર્વક ઈન્ટર્નશિપ પુરી કરી હતી.

# સંચારી રોગ મુલ્યાંકન અંગે મહિસાગર કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,

મહિસાગર જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાની અધ્યક્ષતામાં સંચારી રોગ કમિટી મિટીંગ યોજાઈ. જેમાં ગુજરાતભરમાં પ્રવર્તમાન રોગો અંગે જિલ્લા ક્ષેત્રે મહિસાગર આરોગ્ય તંત્રની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી. જિલ્લામાં તમામ તાલુકા મુજબ આંકડા સાથે કેસની વિગતો સહિત કેવી કામગીરી થઈ રહી છે. જેની રજુઆત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા અન્ય આરોગ્ય અધિકારીઓ દ્વારા કરવામાં આવી.

આ બેઠકમાં તમાકુના સેવન અને સરકાર દ્વારા અવારનવાર અપાતા પોષણક્ષમ ખોરાક વાસ્તવમાં ખાવામાં આવે છે કે કેમ ? તે અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી, જિલ્લાના તમામ વિભાગો આ ક્ષેત્રે કેવી રીતે કામગીરી કરી શકે તે અંગે વિચારણના અંતે કલેક્ટર દ્વારા તમાકુનું સેવન ઓછું થાય તે માટે નક્કર પગલા લેવા તથા ખોરાકના એક જ સ્ત્રોતના બદલે જુદા જુદા સ્ત્રોતોનો ઉપયોગ લોકો કરતા થાય તે માટે કામગીરી થાય તેવા પ્રયત્નો હાથ ધરવા માર્ગદર્શન અપાયું. કલેક્ટર દ્વારા અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણાના અંતે તેમને પડતી મુશ્કેલીઓ તથા જિલ્લામાં ક્યાં ક્ષેત્રે વધુ કામની જરૂર છે, તે અંગે સુચના આપવામાં આવી. અહી નોંધનીય છે કે, મિટીંગમાં ફેઈથ ફાઉન્ડેશન વડોદરાના પ્રતિનીધી દ્વારા તમાકુ પ્રતિબંધની જરૂરીયાતો અંગે રજુઆત કરવામાં આવી.

આ બેઠકમાં જિલ્લાના તમામ આરોગ્ય અધિકારીઓ, શિક્ષણ અધિકારી પી.એન.મોદી, માહિતી અધિકારી શૈલેષ બલદાણીયા, પુરવઠા અધિકારી, સર્વેક્ષણ અધિકારી, પોલીસ પ્રતિનિધી, વન-વિભાગ પ્રતિનિધી વગેરે હાજર રહ્યા.

# ખાનપુરના બાકોર ગામે હોટલ પાસે કારમાંથી ૩ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર ગામે કલેશ્વરી હોટલ પાસેથી વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલી કારને પોલીસે ઝડપી પાડી હતી. પોલીસે રૂ.૩,૦૦,૦૪૫/-નો વિદેશી દારૂ અને કાર જપ્ત કરી હતી. કારનો ચાલક અંધારાનો લાભ લઈ કાર મુકી નાસી ગયો હતો.

બાકોર ગામેથી બાબલીયા તરફ જતા માર્ગ પર એક સફેદ રંગની ટાટા હેરીયર કારમાં વિદેશી દારૂ લાવવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે પેટ્રોલિંગ કરી રહેલી બાકોર પોલીસે બાબલીયા ચોકડી નજીક વોચ ગોઠવી હતી. પોલીસને જોઈ કારના ચાલકે કાર બાકોર તરફ પાછી વાળી દેતા પોલીસે કારનો પીછો કરી બાકોર હાઈસ્કુલ ચોકડી કલેશ્વરી હોટલ નજીક રોડની વચ્ચે જેસીબી તથા ટ્રેકટર આડુ કરી રસ્તો બંધ કરી દેતા કાર ચાલક અંધારાનો લાભ લઈ ગાડી મુકી નાસી ગયો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી બિયરના કુલ ૩૮૫ ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ.૩,૦૦,૦૪૫/-નો બિયરનો જથ્થો અને રૂ.૨૨,૦૦,૦૦૦/-ની કાર મળી કુલ ૨૫,૦૦,૦૪૫/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસને કારમાંથી ડોકયુમેન્ટ અને આધારકાર્ડ મળી આવ્યા હતા. જેમાં ગાડીના માલિક રાવતારામ પુરખારામ(રહે.કિશનલાલ રઘુનાથની ચાલી, ચમનપુરા, અમદાવાદ) તેમજ તેમના આધારકાર્ડમાં સરનામુ પાદરડી ખુર્દ બાડમેર સિંધાસાવા હરનીચા, રાજસ્થાન હોવાનુ જણાતા પોલીસે રાવતરામ વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.



**લુણાવાડા AG લાડવેલ ફીડલ સરકારની સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે ૮ કલાક વીજળી આપવામાં આવે છે. ગાઈડલાઈન મુજબ રાત્રે સિંગલ ફેઝ આપવાનો હોય છે, પરંતુ આ ફીડલ ના ખેડૂતો ને રાત્રે સિંગલ ફેઝ મળેજેથી રાત્રે પોતાની ખેતી સાચવવા જતા ખેડૂતોને ભૂંડ, રોઝ, નીલગાય, જેવા પ્રાણીઓના ત્રાસ થી પાકનું રક્ષણ થાય એ બાબતે, લુણાવાડા,૧૨૨ વિધાનસભા ના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને આવેદનપત્ર આપવામાં આવ્યું. આ પ્રસંગે કિસાન કોંગ્રેસ સમિતિ ના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.**

# પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ભારતના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા થયો આંતરરાષ્ટ્રીય માનવ ઉત્કર્ષ સંમેલનનો શુભારંભ

- ગૌતમ અદાણી સહિત ભારતના ઉદ્યોગ જગતના માંધાતાઓની ઉપસ્થિતમાં યોજાયો વિશિષ્ટ સમારોહ.
- ભારતના અગ્રગણ્ય ઓદ્યોગિક ગૃહોના વડાઓ પ્રમુખસ્વામી નગરને નિહાળી અભિભૂત, પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

- ગૃહમંત્રી અમિત શાહના સ્વાગત બાદ BAPS સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.
- ગૃહમંત્રી અમિતભાઈ શાહે પ્રમુખસ્વામી મહારાજના ભવ્ય જીવનને કાર્યને અંજલિ આપતાં જણાવ્યું.
- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવ્યું.
- ૧૬ ડિસેમ્બર, શુક્રવારે હજારો ભક્તો-ભાવિકો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં Culture Day: Celebrating Indian Culture એટલે કે સંસ્કૃતિ દિનની ભવ્ય ઉજવણી થશે। જેમાં પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર તરીકે શાશ્વત ભારતીય મૂલ્યોના પ્રસારણ માટે કરેલાં અભૂતપૂર્વ યુગકાર્યોની ઝાંખી કરાવતાં રોચક કાર્યક્રમો પ્રસ્તુત થશે.





પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના સંપન્ન થયેલાં ભવ્યાતિભવ્ય ઉદઘાટન બાદ પ્રમુખસ્વામી મહારાજ નગર આજથી અનેકવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કાર્યક્રમોથી ધબકતું થયું. પ્રમુખસ્વામી નગરનાં દર્શન માટે અભૂતપૂર્વ માનવ મેદની ઉમટી રહી છે. સ્વયંસેવકોના અદ્ભુત શિસ્ત અને સમર્પણથી સમગ્ર નગર ઉત્કૃષ્ટ વ્યવસ્થાના આદર્શ સમું બની ગયું છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવન, કાર્ય અને સંદેશને કેન્દ્રમાં રાખીને દરેક દિવસના વિવિધ વિષયો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોજ મધ્યાહ્ને અલગ અલગ મહિલા કાર્યક્રમો, સવારે વિવિધ વિષયક એકેડેમિક કોન્ફરન્સ તથા પ્રોફેશનલ એસોશિયેશનોની કોન્ફરન્સ જેવા વિવિધ કાર્યક્રમોની ભરમાર દિવસભર રહેશે.

આજે મહોત્સવના સર્વ પ્રથમ દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સંધ્યા સભામાં વિશાળ ભક્તમેદનીથી છલકાતા નારાયણ સભાગૃહમાં ભારતના ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ભારતના આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત એવા અનેક ઓદ્યોગિક ગૃહોના વડા પ્રમુખસ્વામી નગરનાં દર્શનાર્થે પધાર્યા હતા. તેઓ હર્ષભેર આંતરરાષ્ટ્રીય માનવ ઉત્કર્ષ સંમેલન કાર્યક્રમમાં સમ્મિલિત થયા હતા.

કાર્યક્રમમાં વિવિધ પ્રસ્તુતિઓ દ્વારા દર્શાવવામાં આવ્યું કે કેવી રીતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું સમગ્ર જીવન માનવમાત્રના ઉત્કર્ષ માટે સમર્પિત રહ્યું. પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વ હેઠળ ઈઅડજસ્વામિનારાયણ સંસ્થા માનવ ઉત્કર્ષનું વૈશ્વિક આંદોલન બની ચૂકી છે. વર્તમાન કાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની નિશ્રામાં ઈઅડજ સંસ્થા ૧૬૦ કરતાંય વધુ પ્રવૃતિઓથી પ્રત્યેક માનવના સર્વતોમુખી ઉત્કર્ષ માટે અભૂતપૂર્વ આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક સેવાઓની ભાગીરથી વહાવી રહી છે. નૈતિક મૂલ્યોનું પ્રસારણ હોય, વ્યસનમુક્તિ હોય, પર્યાવરણ સંરક્ષણ હોય કે આદિવાસી ઉત્થાન હોય, પ્રમુખસ્વામી મહારાજની કરુણા પ્રત્યેક વર્ણ-વય, જ્ઞાતિ-જાતિ, દેશ-વેશ અને ધર્મ-કર્મની વ્યક્તિઓ પર વરસી છે.

૧૨૦૦ કરતાં વધુ મંદિરોના સર્જનથી, ૫૦૦૦ થી વધુ સત્સંગ કેન્દ્રો દ્વારા, ૧૦૦ થી અધિક શાળાઓ અને હોસ્પિટલોના નિર્માણથી પ્રમુખસ્વામી મહારાજે વિશ્વનું કલ્યાણ કર્યું છે. પવિત્રતાથી પરિપૂર્ણ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત ૧૧૦૦ કરતાં વધુ સંતો, ૭,૫૦,૦૦૦ કરતાં વધુ લખાયેલાં પત્રો, ૧૭,૦૦૦ થી વધુ ગામોમાં કરાયેલા વિચરણ અને ૨,૫૦,૦૦૦ કરતાં વધુ ઘરોમાં પધરામણી દ્વારા તેમણે લાખો મનુષ્યોનું જીવન ધન્ય કર્યું છે.

આજે સાંજે ૫.૧૫ વાગ્યે સભાનો આરંભ ભગવાનના નામસ્મરણ સાથે થયો. ત્યાર બાદ BAPS સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય આનંદસ્વરૂપ સ્વામી અને પૂ. ડોક્ટર સ્વામી દ્વારા પ્રમુખસ્વામી મહારાજના માનવ ઉત્કર્ષના ભગીરથ કાર્યો અને માનવ ઉત્કર્ષ માટે આધ્યાત્મિક માર્ગદર્શકની ભૂમિકા અને અનિવાર્યતા પર પ્રકાશ પાડવામાં આવ્યો. પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યને દર્શાવતાં પરિચય વિડિયો બાદ સર્વે અગ્રણી ઉદ્યોગપતિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે કદાચ આવો પહલો અવસર હતો કે કોઈ આધ્યાત્મિક કાર્યક્રમમાં દેશના પ્રથમ હરોળના ઉદ્યોગપતિઓ આટલી મોટી સંખ્યામાં એક સાથે હાજર રહ્યા હતા.

આજના આ સંમેલનમાં ઓદ્યોગિક ક્ષેત્રના અનેકવિધ અગ્રણીઓમાં અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર અને મેમ્બર ઓફ પાર્લામેન્ટ એવા પરિમલ નથવાણી, GMR ગ્રૂપના ચેરમેન જી. એમ. રાવ, ઝાયડસ કેડીલાના ચેરમેન પંકજભાઈ પટેલ, ટોરન્ટ ગ્રૂપના સુધીર મેહતા, સન ફાર્માસ્યુટિકલ્સના મેનેજિંગ ડિરેક્ટર દિલીપ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ હીરો ઈલેક્ટ્રિક અને હીરો એક્ષ્પોર્ટસના ચેરમેન વિજય મુંજાલ પણ ઉપસ્થિત હતા.

મહાનુભાવોના સ્વાગત અને પરિચય બાદ એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું.

ત્યાર બાદ યુવા વૃંદ દ્વારા રાજસ્થાનનું સુપ્રસિદ્ધ તેરા તાલી નૃત્યની રોચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, BAPS સંસ્થાના વરિષ્ઠ સંતો, ગૃહમંત્રી અમિત શાહ અને સર્વે અગ્રણી ઉદ્યોગપતિઓ દ્વારા માનવ ઉત્કર્ષ સંમેલનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઈચ્છા પણ દર્શાવશે. તમને સર્જનાત્મક કાર્ય કરવાની તક પણ મળશે.

વૃષભ : આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. ધંધામાં આકસ્મિક લાભ થવાની સંભાવના છે.

મિથુન : આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

કર્ક : ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

સિંહ : આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન રહેવાની જરૂર છે.

કન્યા : આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

તુલા : આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક : આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે. આજે તમને લાંબા સમયથી અટકેલા પૈસા મળી છે.

ધન : આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઈએ.

મકર : લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

કુંભ : વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઈએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

મીન : આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે. તમારા કેટલાક મિત્રો અથવા સંબંધીઓ તમારી ગુપ્ત બાબતોને જાણવાનો પ્રયત્ન કરશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લાની આગવી ઓળખ સમું વન ભોજન એટલે ''દાલ પાનિયા''


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતની પૂર્વ સરહદ પર આવેલ આદિવાસી જિલ્લા તરીકે નામના પામેલ જિલ્લો એટલે દાહોદ. આમ તો આ જિલ્લાનું મૂળ નામ 'દોહદ ' છે. કારણ કે તે મધ્ય પ્રદેશ અને ગુજરાત રાજ્યને જોડતો જિલ્લો છે.એ બન્ને રાજ્યની સીમાની હદ પર આવેલ હોવાથી તેને ' દોહદ ' કહેવામાં આવતું હતું. પરંતુ ત્યાંના મૂળ આદિવાસીઓની મૂળ સ્થાનિક આદિવાસી ભાષા મોટાભાગે હિન્દી – ગુજરાતી મિક્સ હોવાથી સમય જતા ' દોહદ ' માંથી ' દાહોદ ' નામ થઇ ગયું એમ કહેવામાં આવે છે.

દાહોદ જિલ્લામાં મોટાભાગે આદિવાસીઓની વસ્તી રહેલી છે. જેઓનો વનવગડા સાથે અનન્ય નાતો હોય છે.દાહોદમાં દરેક ધર્મ – જાતિના લોકો રહે છે, જેમ કે ભીલ, પટેલીયા, કોળી, પટેલ, રાજપૂત, મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, સિંધી, હરિજન, વણકર, કુંભાર અને બ્રાહ્મણ જેવી અનેક સંસ્કૃતિનો સુભગ સમન્વય એટલે આપણો સરહદી જિલ્લો દાહોદ.ત્યાંની પ્રજા આદિવાસી હોવાને નાતે ત્યાં આવનાર દરેકને પ્રેમથી આવકાર આપે પછી ભલેને સામેવાળી વ્યકિત અજાણી કેમ ના હોય...!

દાહોદની વાત હોય અને ત્યાંની સંસ્કૃતિની વાત કરીએ ત્યારે એમ જરૂર થાય કે હજીય કંઈક ખૂટે છે.

દાહોદની સંસ્કૃતિને શબ્દોમાં વર્ણવી અર્થાત્ત તેને અમુક શબ્દોમાં બાંધવી, જે બિલકુલ અશક્ય છે. કારણ કે, દાહોદની સંસ્કૃતિને સમજવા માટે ફક્ત સમય જ નહીં પરંતુ ભાવ પણ જરૂરી છે. કારણ કે, ત્યાંના લોકો ભોળા અને સ્વભાવે મળતાવડા હોય છે.તેઓનો આવકાર પણ એટલો જ મીઠડો હોય છે જેમ ત્યાંના' દાલ પાનિયા'.જે ત્યાંના આદિવાસીઓની ખાસ ઓળખ છે.દાહોદની સંસ્કૃતિમાં વનભોજન એટલે 'દાલ પાનિયા'.જે ત્યાંના લોકો સામાન્ય રીતે કોઈ ખાસ પ્રસંગ અથવા તો શિયાળાના સમયમાં ખાસ કરીને બનાવતા હોય છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં આવેલ મેનપુર ગામે રહેતા રાઠોડ દિનેશભાઇ શનાભાઈ દાલ પાનિયા પરંપરાગત રીતથી બનાવે છે. એમણે કહ્યું કે, ''મકાઈના કરકરા લોટમાં દૂધ,ઘી,નમક અને જીરૂં નાખીને તેને બરાબર ચીકણો લોટ થાય ત્યાં સુધી મસળવામાં આવે છે, ત્યાર પછી તેને નાના ગોળ આકારમાં લુવા બનાવીને આંકડાના પાનમાં મૂકી જંગલમાંથી વીણેલા સ્પેશ્યલ 'અડિયા છાણાં' પર બન્ને બાજુથી બરાબર શેકીને ફોતરાં સાથેની અડદની દાળને ચૂલા પર બાફીને એ દાળમાં અલગથી બનાવેલ આખા ગરમ મસાલા સાથે દેશી ટામેટા,આખું લસણ, ધણા અને પથ્થરના ખલમાં વાટેલાં લસણ,આદું અને લાલ મરચાં ને વઘારીને એ બાફેલી દાળમાં અલગથી મિક્સ કરવામાં આવે છે.એના પછી લાલ ચટણી જેને આપણે ડ્રાય ચટણી કહીએ એવી જ પણ દાલ પાનિયાની ચટણી થોડી કરકરી અને પથ્થરના ખલમાં જ દેશી લાલ સુકાં મરચાં, લસણ, જીરૂં,આદું અને આખા ધણાને મિક્સ કરીને વાટીને તૈયાર કરવામાં આવે છે.''

હા,દાળમાં દેશી શુદ્ધ અને ચોખ્ખું ઘી નાખવામાં આવે છે, ને પછી એની જે સોડમ હોય છે તે આજુબાજુનાયને લલચાવે એવી હોય છે. આમ જોઈએ તો દાલ પાનિયા મેહનત માંગી લે તેવું ખાણું છે પરંતુ એને બનાવતી વખતે જે ભૂખ લાગે અને આરોગ્યા પછી જે પેટમાં ઠંડક વળે એ શબ્દોમાં વર્ણવી મુશ્કેલ છે, કેમકે એને તો બસ માણી શકાય, વાતો નહીં.

દિનેશભાઇ ના કહેવા મુજબ મેનપુર ગામમાં તેઓ જ ફકત છે જે પાનિયા ની મૂળ રીત જાણે છે અને બનાવે છે અને એમાં નખાતી મોટાભાગની બધી જ વસ્તુઓ દેશી અને ઘરની જ હોવાથી એનો મૂળ સ્વાદ સચવાઈ રહે છે. પાનિયા ખાખરાના પાનમાં પણ બનાવી શકાય છે, પરંતુ મૂળ રીત મુજબ પાનિયા આંકડાના પાન થકી જ બનાવાય છે.પરંતુ આજના સમયમાં બહારની ખાણી પીણી પાછળ ઘેલા થયેલા લોકો હવે મૂળ ખોરાકને ભૂલતા જાય છે.રીત રસમ અને સંસ્કૃતિ જેવું જુના અને અમુક લોકોએ જ સાચવી રાખ્યું છે.

નલધા ધોધ, રતનમહાલ, ઉધાલ મહુડા અને દાહોદના અન્ય સ્થળોએ ફરવા અર્થે આવતાં અનેક પ્રવાસીઓ અહીં દાલ પાનીયા ખાવા આવે છે.ઘણાય લોકો ખાસ પાનિયા ખાવા માટે ગ્રુપમાં અહીં આવતાં હોય છે.અહીંના કુદરતી માહોલમાં અવનવી રમતો અને અંતાક્ષરી રમીને અથવા તો ગામની વાડીઓમાં ભ્રમણ માટે પગદંડીઓ પર આખો દિવસ અહીં પસાર કરીને દાલ પાનિયા આરોગીને પછી જ અહીંથી જાય છે.

ખરેખર, કુદરતને ખોળે રમતું ગામ એટલે દાહોદનું મેનપુર ગામ. જ્યાં ચારેબાજુ ઊંચા પહાડો પર કુદરત બિરાજમાન હોય,વનરાજી વિંઝણો નાખતી હોય અને ખુદ જંગલ દેવતા જેની રક્ષા કરતા હોય એ ગામના લોકો ખરે જ બે હાથ જોડીને 'આવો પ્રણામ' એવો મીઠો આવકાર આપે અને એ મીઠાશમાંય પાછી દાલ પાનિયાની મીઠાશ ઉમેરાય તો પછી પૂછવું જ શું...!

# પીછોડા શાળામાં રમતી વખતે શાળાના બાળકને હાથમાં ફ્રેકચર થતા આયુષમાન કાર્ડ થકી સારવાર અપાઈ


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકાના ના પીછોડા ગામના વતની બારીઆ મનીષ કુમાર ચીમનભાઈ ને શાળા માં રમતી વખતે પડી જતા જમણા હાથમાં ફ્રેકચર થયું થયું હતું. ત્યારે સરકારની ગરીબો માટે આશીર્વાદ રૂપે આયુષ્યમાન કાર્ડ થકી નિઃશુલ્ક દાહોદ ખાતે આવેલી સ્મીમેર ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે ભરતી કરવામાં આવ્યો હતો. જ્યાં બાળકને આયુષ્યમાંન કાર્ડ થકી વિનામૂલ્યે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પીછોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો મનીષ નામનો બાળક શાળામાં રમતી વખતે આકસ્મિક રીતે પડી જતા હાથમાં ફ્રેકચર થયું હતું. ત્યારે શાળાના આચાર્ય દ્વારા સમય સુચકતા વાપરી બાળકને તાત્કાલિક ધોરણે દાહોદ ખાતે આવેલ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. જ્યાં સરકાર ની ગરીબો માટેની આશીર્વાદ રૂપ સમાન આયુષમાંન કાર્ડ થકી મફત ઓપરેશન કરી સારવાર આપવામાં આવી હતી. જ્યાં દાહોદ ખાતેના સ્મિમીર ઓર્થોપેડિક હોસ્પિટલના તબીબ દ્વારા સંજેલી તાલુકા આરોગ્ય અધિકારી ડો. હિતેશ ચારેલ સાથે વાતચીત કરી હતી. ત્યારે તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા યુદ્ધના ધોરણે આયુષ્યમાંન કાર્ડ થકી બાળકને નિઃશુલ્ક સારવાર મળે તે માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી અને બાળકનું વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યું આવ્યું હતું. હાલમાં બાળકની સ્થિત સારી છે, સંજેલી તાલુકા આરોગ્ય અધિકારી ડો. હિતેશ ચારેલ દ્વારા બાળકની મુલાકાત લીધી હતી ખબર અંતર પૂછયા હતા.

# ગરબાડામાં ૩૫ વર્ષ જુની ટાંકી જર્જરિત થતાં અકસ્માતનો ભય

ગરબાડા,

ગરબાડા ગામમાં આવેલી ૩૫ વર્ષ જુની ટાંકી અત્યંત જર્જરિત થઈ ગઈ હોવાથી અકસ્માતની ભિતી સેવાઈ રહી છે. પાણીના ટાંકા પાસે જ રહેણાંક વિસ્તાર હોઈ મોટી હોનારત થવાની શકયતાઓ રહી છે. ગ્રામ પંચાયત દ્વારા પાણીના ટાંકાને લઈને ઘટતી કાર્યવાહી કરવા માટે નાયબ કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડને લેખિત રજુઆત કરવામાં આવી હતી. ગરબાડા નગરમાં લોકોને પાણીની સુવિધા મળી રહે તે માટે ગ્રામ પંચાયત દ્વારા ૩૫ વર્ષ પહેલા પાણીની મોટી ટાંકી બનાવી હતી તે થોડી આગળ પાણીની ટાંકી નજીક જ રહેણાંક વિસ્તાર આવેલો છે તો બીજી તરફ ટાંકામાં ૧.૪૦,૦૦૦લીટર પાણી રહેવાની ક્ષમતા છે. હાલમાં આ ટાંકી જર્જરિત થઈ ગઈ હોઈ ગમે ત્યારે ટાંકાને લઈને કોઈ મોટી હોનારત થવાની શક્યતાઓ જોવા મળતા ગ્રામ પંચાયત દ્વારા ટાંકાને લઈને ઘટતી કાર્યવાહી કરવા માટે નાયબ કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડને લેખિત રજુઆત કરવામાં આવી છે. જેથી વહેલી તકે ટાંકીનુ મેન્ટેનન્સ થાય અથવા તો તેના સ્થાને નવીન ટાંકો બનાવાય તે બાબત જરૂરી બની છે. આ બાબતે નળ આપવાની કામગીરી કરતા કર્મચારી સાથે વાત કરતા તેને જણાવ્યુ હતુ કે ટાંકો બન્યા બાદ આજદિન સુધી તેની સફાઈ કરવામાં આવી નથી તેમજ હાલમાં ટાંકાના પોપડા પણ કરી રહ્યા છે.

# ઝાલોદ નગરમાંથી પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં દર્શન પ્રવાસમાં જવા માટે આયોજન કરાયું



ઝાલોદ,

મહાન સંત પ્રમુખ સ્વામી મહારાજની જન્મ શતાબ્દીની ઉજવણીનું આયોજન અમદાવાદ ખાતે ૧૫ ડિસેમ્બર થી લઈને ૧૫ જાન્યુઆરી સુધી આયોજન કરવામાં આવેલ છે. આ શતાબ્દી મહોત્સવનો શુભારંભ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મહંત સ્વામી મહારાજના હસ્તે કરવામાં આવેલ છે.

૩૦ દિવસ ચાલનાર આ શતાબ્દી મહોત્સવમાં મોટાં પ્રમાણમાં માનવ મહેરામણ અલગ અલગ દિવસે ઉમટી પડનાર છે. સંતોના આશીર્વચન લેવા તેમજ એક અનેરી દુનિયાના દર્શન કરવા આખાં ભારત વર્ષ માંથી મોટા પ્રમાણમાં આ શતાબ્દી મહોત્સવમાં લોકો જોડાવાના છે.

મહાન સંત પ્રમુખ મહારાજની જન્મ શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા ઝાલોદ નગરના લોકો પણ સેવા આપવા ત્યાં ગયેલ છે. તેમજ કોઈ ભક્તને એક દિવસ માટે શતાબ્દી મહોત્સવમાં જવું હોય તો તેનું આયોજન તારીખ ૨૫-૧૨-૨૦૨૨ ના રોજ ઝાલોદ નગર માંથી જવા માટે આયોજન કરવામાં આવેલું છે. તેની નોંધણી પણ ચાલુ કરવામાં આવી ગયેલ છે. આ શતાબ્દી મહોત્સવમાં પ્રમુખ સ્વામી દ્વારા અપાયેલ પ્રવચન તેમજ તેમની યાદો સાથે જોડાયેલા દરેક પ્રસંગને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. આમ ઝાલોદ નગર માંથી જન્મ શતાબ્દી મહોત્સવમાં જવા માટે અભૂતપૂર્વ ઉત્સાહ જોવાઈ રહ્યો છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**ફતેપુરા પોલીસ ફતેપુરા પોલીસ સબ ઈન્સ્પેકટર જી .કે.ભરવાડ તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસના માણસોને ખાનગી રાહે બાતમી મળીકે લાલ કલરની ફોર વ્હીલ ગાડી જેનો નંબર GJ.6.LB.1436 જેમાં વિદેશી દારૂ ભરેલો છે. જે રાજસ્થાનથી મોટીબારા ગામેથી ગુજરાતમાં લવાઈ રહ્યું છે. એવી બાતમી મળતા પેટ્રોલિંગમાં નિકડેલી પોલીસે મોટીબારા ગામે ત્રણ રસ્તા ઉપર વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીમાં દર્શવેલા લાલ કલરની ફોર વ્હીલ ગાડી આવતી જોઈ એને રોકી ફોર વ્હીલ ગાડીને કોર્ડન કરી ગાડીમાં તલાસી લેતા ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેને ફતેપુરા પોલીસ મથકે લાવી વિદેશી દારૂની ગણતરી કરતા અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૩૮૮ બોટલો જેની કુલ કિંમત રૂ.૧,૮૫,૧૫/-પ્રોહી મુદ્દામાંલ ગાડીની કિંમત રૂ ૫,૦૦,૦૦૦ થતા મોબાઈલ ફોન.૫,૦૦૦ મળી કુલ કિંમત ૬,૯૦,૧૫ નો મુદ્દમાલ ઝડપી એક આરોપિને પ્રોહી એક્ટ મુજબનો ગુન્હો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.**

# દે.બારીયાના લોકલાડીલા નેતા બચુભાઈ ખાબડને પંચાયત અને કૃષિ મંત્રી બનાવ્યા બદલ સન્માન સમારોહ યોજાયો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દાહોદ જીલ્લાની ૧૩૪૫ વિધાનસભાની સીટના ઉપર થી ચોથી વખત જંગી લીડથી ચુંટાઈ આવ્યા જેથી ગુજરાત સરકારના રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રીનો પદ હાંસલ કર્યા બાદ પોતાની પાવન ધરા ધરતી પર આવતાની સાથે ભવ્ય સન્માન સમારોહ તા.૧૫/૧૨/૨૦૨૨ ગુરૂવારના રોજ ૧૨.૦૦૦ કલાકે દે.બારીયા ધાનપુર રોડ ઉપર સાગટાળા સદન ક્ષેત્રના કંપાઉન્ડમાં રાખવામાં આવ્યો હતો. જેમાં નવ નિયુકત પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડને તમામ કાર્યકરો અને તાલુકા તેમજ જીલ્લાના સંગઠનના હોદ્દેદારોએ કુલહાર તેમજ ભોચરા અને તીર કમાન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સન્માન સમારોહની શરૂઆત દીપ પ્રાગટય કરી કરવામાં આવી હતી. મંત્રીના પ્રેરક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આ સન્માન મારો નથી મારા કાર્યકર્તાઓનું છે. તમારા પુરૂષાર્થના અથાગ મહેનતથી આ શ્રેય તમને જાય છે. મતદારોનો આભાર માનું તેટલો ઓછો છે. મને ૧,૧૩,૦૦૦ વોટ આપી જંગી બહુમતીથી બીજી ક્રમની જીત અપાવી તે બદલ ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હું મંત્રી નથી તમે મંત્રી છો હવે થી દે.બારીયા શહેરમાં મારી ઓફિસ ચાલુ રહેશે. નવી યોજના અને સરકારના વિકાસના કાર્યો મારે સામેથી કરવાના છે. મારા પર જે વિશ્વાસ મુકયો છે. તેને સાર્થક કરવાની જવાબદારી છે અને જે આઅડા અવળા ગયા છે. તેઓ અવળચંડેના જાય આ છેલ્લી તક છે. બીજીવાર માફ કરવામાં નહિ આવે તેવા સાંકેતિક શબ્દો ઘણું બધું કહી જાય છે. જેને પણ કહ્યા છે તે સમજી જવાના છે.

આ ભવ્ય સન્માન સમારોમાં શંકરભાઈ અમલીયાર રાજવી કુટુંબના તુષારસિંહ બાબા એકસ.એમ.એલ.એ. તથા કરણ મામા, ડૉ. ચાર્મીબેન સોની નગર પાલિકા પ્રમુખ તથા નગર પાલિકાના સભ્યો તેમજ લઘુમતી સમાજના હોદ્દેદારો, સરપંચો, નાના–મોટા કાર્યકરો આ સન્માન સમારોહમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઝાલોદ તાલુકાનું ગૌરવ વધારતા ૨૧ વર્ષીય યુવક ઉત્કર્ષ ઝાડ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

રાષ્ટ્રીય કક્ષાને મસલમેનિયા બોડી બિલ્ડીંગ સ્પર્ધામાં ત્રીજા ક્રમાંક પ્રાપ્ત કર્યો. સમગ્ર ભારત દેશમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો. ઉત્કર્ષ ઝાડ અગાઉ પણ રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. પરિવારમાં ખુશીનો માહોલ.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડીના કારઠ ગામના ૨૧ વર્ષીય યુવાન ઉત્કર્ષ સુંદરભાઈ ઝાડે દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની મસલ્સ મેનિયા બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમ મેળવી ગુજરાતનું નામ રાષ્ટ્ર સ્તરે રોશન કર્યું છે. ઉલેખનીય છે કે, દાહોદ સ્થિત તેમના ટ્રેનર ડો. અભિષેક ખંડેલવાલ છે. દાહોદ જિલ્લા લબાના સમાજમાંથી આવતા ઉત્કર્ષ ઝાડે આ પૂર્વે જાન્યુઆરી, ૨૨ માં પણ વડોદરા ખાતે આયોજિત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ ગોલ્ડમેડલ તથા ટ્રોફી મેળવી ઝળહળતી સફળતા મેળવી હતી.

# શ્રી બી.પી. અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયો



લીમડી,


જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ તાલીમ તેમજ શિક્ષણાધિકારી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ જીલ્લા માદયમિક અને ઉચ્ચ માદયમિક વિજ્ઞાન મંડળ અને બીપી અગ્રવાલ હાઈસ્કૂલ લીમડીનાં સંયુક્ત ઉપક્રમે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયો.

ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું શુભારંભ મુખ્ય મહેમાન ડાયટનાં લાઈઝન સરદાર ડામોરના હસ્તે કરાયું. અતિથિ વિશેષ તરીકે કેળવણી મંડળના પ્રમુખ ગુરૂસરણ પટેલ હાજર રહ્યા હતા.તમામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ હાઈસ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય એલ.એસ. વસૈયા દ્વારા કરાયું.

ઝાલોદ તાલુકાના કુલ ૨૭ શાળાના વિદ્યાર્થીઓએ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો. કુલ ૨૭ શાળામાથી ૪૨ કૃતિઓ વિદ્યાર્થીઓ લઇને આવ્યા. જેમાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી ઉન્નતિ અને નાવીન્ય તેમજ ઇકો ફ્રેન્ડલી સામગ્રી તેમજ પર્યાવરણ સંબદિત ચિંતાઓ તેમજ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા તેમજ પરિવહન અને નાવીન્ય તેમજ વર્તમાન નાવીન્ય દ્વારા ઐતિહાસિક વિકાસ અને આપણા માટે ગણિત સહિતના વિવિધ કૃતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓએ તમામ કૃતિઓને લઈને ઉત્સાહ જોવા મળ્યો.

શ્રી બીપી અગ્રવાલ હાઈસ્કૂલ લીમડીનાં તેમજ અન્ય ૨૭ શાળાના શિક્ષકોની ઉપસ્થિતીમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયો.

# ત્રણ મિત્રોએ મુહિમ ચલાવી મહેનત રંગ લાવી, વિધવા દિવ્યાંગ મહિલાનું ઘર બન્યું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાન કદવાળ ગામના મોટા ફળિયામાં રહેતા વિધવા અને દિવ્યાંગ મહિલા ઈન્દિરાબેન ડામોર છેલ્લા ઘણા સમયથી સામાન્ય નાની ઝૂંપડીમાં રહી પોતાનું જીવન નિર્વાહન કરી ગુજારતા હતા. ત્યારે પત્નીનો પડછાયો, સહારારૂપ પતિનું મરણ થતા પોતાના ઘરનું ગુજરાન ચલાવવું પણ અઘરૂં બન્યું હતું. ત્યારે સામાજિક કાર્યકર્તાઓને એ વાતની જાણ થતા સામાજિક કાર્યકર્તા વિક્રમ ડામોરે તેના મિત્ર મનસુખ ભીલ, સચિન ભીલને કરતા ત્રણેય મિત્રોએ વિધવા દિવ્યાંગ મહિલાને ઘર બની શકે તે માટે ભીડું ઉપાડ્યું હતું અને સોસીયલ મીડિયાના માધ્યમથી મુહિમ ચલાવી હતી. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં સારો એવો સામાજિક અને સમાજ સેવી લોકોએ ઢાડક વળે તેવો મદદનો પ્રવાહ કરતા દિવ્યાંગ વિધવા મહિલાનું પાકું છત વાળું મકાન તૈયાર થવાની આરે છે. ગ્રામ્ય વિસ્તારમાં સોસીયલ મીડિયા થકી ત્રણ મિત્રોએ મદદની ગુહાર લગાવી હતી ત્યારે ત્રણ મિત્રોના અથાગ મહેનત થકી તેઓને સફળતા સાંપડી અને દિવ્યાંગ,વિધવા મહિલાને પાકું છત વાળું મકાન બનીને તૈયાર થવાની આરે છે.

આ બાબતે વિક્રમ ડામોર જણાવે છે એ કદવાલ ખાતેની દિવ્યાંગ મહિલાના પતિનું અવસાન થતા ઘર ચાલવું પણ મુશ્કેલ બન્યું હતું. ત્યારે અમે ત્રણ મિત્રોએ સંયુક્ત મળી સોસીયલ મીડિયા થકી મહિલાનું ઘર બની શકે તે માટે મુહિમ ચલાવી હતી સૌ સમાજ સેવી લોકોએ મદદ કરતા દિવ્યાંગ વિધવા મહિલાનું ઘર બનવાની આરે છે.

# અમદાવાદ-ઈન્દોર હાઈવે પુસરી પાસેના ખેતી નિયામકે બોલેરો પીકઅપમાં ૧૯ હજારની યુરીયા ખાતરનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

ગતરાતે નાયબ ખેતી નિયામકની કચેરી દ્વારા અમદાવાદ–ઈન્દૌર હાઈવે પર પુંસરી ગામે મધ્યપ્રદેશ તરફ જતી શંકાસ્પદ લાગતી એમ.પી. પાસીંગની મહિન્દ્રા બોલેરો પીકપ ગાડીમાંથી બલ કે આધાર પુરાવા વગરના સબસીડાઈઝ નીમ કોટેડ યુરીયા ખાતરની રૂા. ૧૯ હજાર ઉપરાંતની કિંમતની થેલીઓ નંગ૭૪ પકડી પાડી તે ગાડીના ચાલકની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

ગુજરાત માંથી મધ્યપ્રદેશ તરફ યુરીયા ખાતર ગેરકાયદેસર રીતે બીલ કે આધાર પુરાવા વગર લઈ જવાતું હોવાની માહિતી દાહોદ નાયબ ખેતી નિયામકને મળતાં તે કચેરીના નાયબ ખેતી નીયામક તથા આર.ટી.ઓ. કચેરી ચેકપોસ્ટ પાસે ગુપ્ત વોચ ગોઠવી હતી. તે દરમ્યાન માહિતીમાં જણાવેલ એમ.પી. ૧૧ જી–૬૨૨૦ નંબરની એમ.પી. પાસીંગની મહિન્દ્રા બોલેરો પીકપ ગાડી ત્યાં આવતાં જ ગુપ્ત વોચમાં ઉભેલ નાયબ ખેતી નિયામક તથા તેમના સ્ટાફકર્મીઓએ ગાડી રોડી ગાડીની તલાસી લઈ ગાડીમાંથી કોઈ પણ પ્રકારના બીલ કે આધાર પુરાવા વગર ગેરકાયદેસર રીતે લઈ જવાતા સબ સીડાઈઝ નીમ કોટેડ યુરીયા ખાતરની રૂા. ૧૯,૭૨૧ ની કુલ કિંમતની થેલીઓ નંગ–૭૪ પકડી પાડી ગાડીના ચાલક મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના પેટલાવદ તાલુકાના જકનાવદા ગામના સુથાર મહોલ્લામાં રહેતા સુનીલભાઈ સોબારામ મેડાની અટક કરી પુછપરછ કરતા સદર ખાતરના ઝત્થો ગુજરાતના હૈદરભાઈ નામના વ્યકિતએ વેચાતો આપ્યો હોવાનું તથા મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના પેટલાવદ તાલુકાના જકનાવદા સુથાર મોહ્લાના પ્રદીપભાઈ ગોપાલભાઈ રાઠોડે મંગાવ્યો હોવાનું જણાવતા નાયબ ખેતી નિયામક કચેરી દાહોદના દેવ્યાનીબેન મંગળસિંહ કટારાએ દાહોદ તાલુકા પોલિસ સ્ટેશને આ મામલે ફરિયાદ નોંધાવતા પોલિસે આ સંદર્ભે બોલેરો પીકપ ગાડીના ચાલક મોકલનાર તથા મંગાવનાર વિરૂદધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ડાંગરીયા ગામે મુસાફર ભરેલ છકડાને ટ્રેકટરે અડફેટે લેતા ૩ લોકોને ઈજા

દાહોદ,

દે.બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે પેસેન્જર ભરેલા છકડાને ટ્રકે અડફેટમાં લેતા ચાલક સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. પીપલોદ બારીયા રોડ પર ટેકરા ફળિયાના ફીરોજભાઈ ઘાંચી છકડામાં પીપલોદથથી પેસેન્જર બેસાડી બારીયા તરફ આવતો હતો તે દરમિયાન ડાંગરીયા ગામે ટ્રકના ચાલકે પુરઝડપે હંકારી લાવી છકડાને ટક્કર મારી અકસ્માત કરી ટ્રક મુકી નાસી ગયો હતો. જેમાં ફિરોજભાઈ તથા પેસેન્જર ફંગોળાયા હતા. તેમાં ફિરોજભાઈને કમ્મરના ભાગે ઈજાઓ થવા પામી હતી. ત્યારે પેસેન્જર યામીન દહીકોટીયા તથા સુનીલ હરીજન છકડામાં ફસાઈ ગયા હતા. જેમાં યામીન દહીકોટીયા તથા સુનીલને માથામાં તથા શરીરે ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને બારીયા સરકારી દવાખાને સારવાર માટે દાખલ કર્યા હતા. આ સંદર્ભે અકસ્માત કરી ટ્રક મુકી નાસી ગયેલા ચાલક વિરુદ્ધ દે.બારીયા પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.98

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## સુપ્રીમ કોર્ટે ગોધરાના દોષિતને જામીન આપ્યા

## તે ૧૭ વર્ષથી જેલમાં છે, એટલે તેને જામીન આપવામાં આવ્યા છે,

# આજીવન કેદ સામે દોષિતની અપીલ ૨૦૧૮થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ હતી : સુપ્રીમ કોર્ટ

ગોધરા,

આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા સ્ટેશન પર ટોળા દ્વારા સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના કોચને આગ ચાંપી દેવામાં આવી હતી. દોષિત ફારૂક પર પથ્થરમારો અને હત્યાનો કેસ સાબિત થયો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે દોષિત ફારૂક ૨૦૦૪થી જેલમાં છે. તે છેલ્લા ૧૭ વર્ષથી જેલમાં છે. તેથી તેને જેલમાંથી જામીન પર મુક્ત કરવામાં આવે.



સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના ગોધરા ટ્રેન સળગાવવાના કેસમાં એક દોષિતને જામીન આપ્યા છે જેમાં ૫૯ લોકોના મોત થયા હતા. દોષિત ફારૂકને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. તે છેલ્લા ૧૭ વર્ષથી જેલમાં છે. ગુજરાત સરકારના ભારે વિરોધ છતાં સુપ્રીમ કોર્ટે ફારુકને જામીન આપ્યા હતા. ફારુકને સળગતી ટ્રેન પર પથ્થરમારો કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. ફારુકે ટ્રેન પર એટલા માટે પથ્થરમારો કર્યો હતો જેથી લોકો સળગતી ટ્રેનમાંથી નીચે ન ઉતરી શકે અને તેમના મોત થાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે દોષિત ફારૂક ૨૦૦૪થી જેલમાં છે. તે છેલ્લા ૧૭ વર્ષથી જેલમાં છે. તેથી તેને જેલમાંથી જામીન પર મુક્ત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટ ક્રિસમસની રજાઓ પછી જાન્યુઆરીમાં આ જ કેસમાં બાકીના ૧૭ દોષિતોની અપીલ પર સુનાવણી કરશે.

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા સ્ટેશન પર ટોળા દ્વારા સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના કોચને આગ ચાંપી દેવામાં આવી હતી. આ ઘટનામાં ૫૯ કાર સેવકો દાઝી ગયા હતા. આ પછી ૨૦૦૨માં ગુજરાતમાં રમખાણો થયા હતા.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ફારુકની જામીન અરજીનો વિરોધ કરતા ગુજરાત સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ કે તેની પર માત્ર પત્થરબાજીનો આરોપ નહોતો,બલ્કે એક જઘન્ય ગુનો હતો. કારણ કે શા માટે લોકોને પથ્થરમારો કરીને સળગતી ટ્રેનમાંથી બહાર નીકળવા દેવાયા ન હતા.

છેલ્લી સુનાવણીમાં પણ ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં દોષિતોના જામીનનો વિરોધ કર્યો હતો. ત્યારે સુપ્રિમ કોર્ટમાં પણ ગુજરાત સરકારે પથ્થરબાજોની ભૂમિકાને ગંભીર ગણાવી હતી, કારણ કે આ જ કારણોસર સળગતા મુસાફરો સળગતી ટ્રેનમાંથી બહાર નીકળી શક્યા ન હતા અને બળીને ખાખ થઈ ગયા હતા.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ જઘન્ય અપરાધમાં સામેલ આ તમામ દોષિતોમાં ઘણા પથ્થરબાજો પણ હતા. તેણે લાંબો સમય જેલમાં વિતાવ્યો છે. તેથી આવી સ્થિતિમાં કેટલાકને જામીન પર મુક્ત કરી શકાય છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે તેઓ દરેક દોષિતોની ભૂમિકાની તપાસ કરશે. સરકાર એ પણ જોશે કે શું આ સ્થિતિમાં કેટલાક લોકોને જામીન પર મુક્ત કરી શકાય છે? સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને ૧૫ ડિસેમ્બરે પોતાનો રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું

સરકારનો પક્ષ એસજીએ રાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે ' હવે મામલો અંતિમ સુનાવણીમાં છે. હવે તો સુનાવણી માટે વિશેષ બેન્ચ પણ છે. આ પણ લિસ્ટેડ કરી શકાય છે. તેના પર સીજેઆઈએ કહ્યું હતું કે 'શ્રી એસજી, તમે આ કરી શકો છો. તમારા જુનિયર્સને નિવેદન તૈયાર કરવા અને તેને રજિસ્ટ્રાર પુનિત સેહગલને મોકલવા માટે કહો. હું ચોક્કસપણે તેની તપાસ કરીશ.' આ પહેલાં ૨ ડિસેમ્બરે ૨૦૦૨ના ગોધરા ટ્રેનને સળગાવવાના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં સીજેઆઈમાં ડિવાઈ ચંદ્રચૂડ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચે ગુજરાત સરકાર પાસેથી જાણકારી માગી હતી કે આ કાંડમાં કયા આરોપીઓની શી ભૂમિકા છે! તેમાં દોષિત ફારુકની જામીન અરજી પણ આ બેન્ચ પાસે પહોંચી હતી.

જયારે એસજીએ સુનાવણીને જાન્યુઆરી સુધી સ્થગિત કરવાની માગ કરી હતી, ત્યારે ફારુકના વકીલે બેન્ચને જણાવ્યું હતું કે 'આને વેકેશન પહેલાં સુનાવણી કરવામાં આવે, કારણ કે ગુજરાત રાજ્યે બીજીવાર સ્થગિત કરવાની માગ કરી છે.' સોલિસિટર જનલરે કહ્યું હતું કે 'જો જામીનની અરજીઓ પર સુનાવણી થશે તો બીજું બધું પણ ઠીક થઈ શકે છે,' પરંતુ બેન્ચે કહ્યું હતું કે સૌથી પહેલા જામીન અરજીઓ પર વિચાર કરવામાં આવશે. ગોધરા કાંડની પછી રમખાણ ફાટી નીકળ્યા હતા. જેમાં એક હજારથી પણ વધુ લોકોના મોત થયા હતા. ગોધરા કાંડના એ દિવસ પછી ૨૮ ફેબ્રુઆરીએ અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં બેકાબૂ ભીડે ૬૯ લોકોની હત્યા કરી દીધી હતી. આ રમખાણોના કારણે રાજ્યની હાલત એટલી હદે ખરાબ થઈ હતી કે સ્થિતિને કાબૂમાં લાવવા માટે સેના બોલાવવી પડી હતી.

## શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં કાર્યકરોમાં ખુશી

શહેરા,

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની વરણી કરવામાં આવતા કાર્યાલય ખાતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાને મોં મીઠું કરાવીને ખુશી વ્યકત કરી હતી. બીજી વખત જેઠાભાઈની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે વરણી કરાઈ તી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પાછલા ૬ ટર્મથી સતત જીત મેળવી ને તાલુકાના વિકાસમાં તેમનો મહત્વનો ફાળો રહેલો છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળની રચના બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની વરણી કરવામાં આવતા ભાજપમા અને પ્રજાજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. કાર્યાલય ખાતે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ દુધાભાઈ બારીઆ, પી.ડી.સી.બેંક ના ડિરેક્ટર મહેન્દ્ર સિંહ ડાભી, તાલુકા ભાજપ મહામંત્રી સંજયભાઈ બારીયા, નટવર સિંહ રાઠોડ, નગર ભાજપ પ્રમુખ અંબાલાલ વાળંદ અને ઉપપ્રમુખ બિપિન ભાઇ પ્રજાપતિ તેમજ ભાજપ અગ્રણી દિલીપભાઈ મહેરા, રમણભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ અને ભૂપતસિંહ પટેલ સહિત ભાજપના તાલુકા પંચાયત સભ્ય, જિલ્લા પંચાયત સભ્યો તેમજ સરપંચો અને ભાજપ અગ્રણીઓ એ એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરીને ખુશી વ્યક્ત કરવા સાથે ફટાકડા ફોડતા દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં આ વખતની ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં એક માત્ર વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ તરીકે શહેરા બેઠક ના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ની વરણી કરવામાં આવતા જેને લઈને જિલ્લાવાસીઓમાં તેમજ ભાજપ કાર્યકરોમાં પણ ભારે ખૂશીની લહેર છવાઈ જવા પામી હતી.

## ઘોઘંબા તાલુકાના રવેરી ગામે આદિવાસી રીત-રિવાજ મુજબ બાબા ઈંદની દેવની માનતાની આસ્થાભેર સાથે ધામધૂમથી ઉજવણી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રવેરી ગામે આજુબાજુના તથા અન્ય ગામના લોકો ભેગાં મળીને મોટા ઢોલ, શરણાઈ અને વાંસળી ન કિકિયારીઓ અને બુમરાન અને નાચગાન કરી મજા લુંટતા અને સાથે મળીને ખૂબ ઉમંગ ફેર નાચતાં–કૂદતાં ઢોલ સાથે ઘરનાં આંગણા રોપવામાં આવેલ ડાળો ની ફરતે ગોળ ગોળ ફરીને ખૂબ આનંદ માણતા હોય છે.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

તાલુકાના અંતરિયાળ ગામોમાં વસતાં રાઠવાઓમાં બાબા ઈંદની ઉજવણી કાર્યક્રમ ખાસ કરીને પંચમહાલ, છોટાઉદેપુરના આદિવાસી રાઠવા સમાજમાં રાખવામાં આવે છે. ગામસાઈ ઈંદમાં આદિવાસી વિસ્તારનાં ગામોમાં જ્યાં દેવો બેસાડવામાં આવેલ છે. ત્યાં દર પાંચ વર્ષે ગામલોકો ભેગા મળી અનાજ અને ફંડ ફાળો એકત્રિત કરી ઈંદનો તહેવાર ઉજવવામાં આવતો હોય છે.

આ ઈંદના તહેવારમાં ગામેગામથી સગાં સંબંધીઓને નોતરું આપવામાં આવે છે. જેથી સગાં સંબંધીઓ ગામેગામથી પોતાના આદિવાસી પહેરવેશ પરિધાન કરીને સજી–ધજીને અલગ અલગ ગ્રુપોમાં ઈંદ મહાલવા આવતા હોય છે અને સાથે સામાજિક રીતે ચાલી આવતી પરંપરાઓ મુજબ ભેંટ સોગાદ લઈને આવ્યા હોય તે પ્રમાણે યુવતીઓ બાબા ઈંદના ગીતો ગાતાં ગાતાં સ્વાગત કરવાની વર્ષો જૂની પ્રણાલીઓ આજે પણ અકબંધ છે.

લોકમાન્યતા મુજબ બાળક માંદુ રહેતું હોય, કોઈને બાળક ન થતું હોય,ઘરમાં કોઈ સભ્યની ભારે માંદગી રહેતી હોય, ઘર કુટુંબમાં સામાજિક, આર્થિક મુશ્કેલીઓ રહેતી હોય, ગામ ફળિયાનાં ખેતરનાં પાકને નુકશાન થતું હોય, પાળેલા પશુઓમાં રોગચાળો કાયમ રહેતો હોય આવા અનેક કારણોસર દુઃખોનાં નિવારણ માટે રાઠવા સમાજમાં અલગ અલગ દેવ દેવીઓની બાધા માનતા રાખવામાં આવે છે.

જેમાં પોંણગું, ઈંદ, કે પીઢી બદલવી એ મુખ્ય અને મોટી બાધાઓ છે. આવી બાધા માનતાઓ લગ્નવિધિની જેવી અને તેટલી લાંબી હોય છે. જેમાં ઘરનાનાં લોકો, કુટુંબ અને સગાંઓ ભેગાં મળી માનતા પૂરી કરતાં હોય છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં હોય છે. ખરેખર પ્રાચીન સંસ્કૃતિનો વારસો એટલે ઘોઘંબા તાલુકાનું રાઠવા સમાજ માટે ગૌરવ અને પ્રેરણારૂપ બન્યું છે.

## અમ્રીત વિદ્યાલય દ્વારા જીલ્લામા સૌ પ્રથમ વાર કારકીર્દી મેળો અને આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાશે



કાલોલ,

કાલોલની અમ્રીત વિદ્યાલય દ્વારા શનીવાર અને રવિવારે શાળા ના મેદાનમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદ અને કારકીર્દી મેળો, "અમ્રિત માર્ગદર્શન અને કારકીર્દી ભવિષ્ય"નું આયોજન કરવામા આવેલ છે. જેમાં ધો ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ માટે ડેટા એનલિટિક્સ, કાયદો , મેડિકલ સાયન્સ, રિયલ એસ્ટેટ, ફાઈનાન્સ, હોસ્પિટાલિટી, પત્રકારત્વ, થિયેટર, એન્જિનિયરિંગ, શિક્ષણ, ટેક્નોલોજી, સ્ટાર્ટ અપ, પર્યાવરણ અને બીજા અનેક ક્ષેત્રોમાં બહુવિધ પેનલ ચર્ચાઓ, ઉદ્યોગના નેતાઓ અને નિષ્ણાતો ની પ્રાયોગિક વર્કશોપ યોજાશે સંસ્થાના ટ્રસ્ટી ડો. મોહિતા ગડિયા જણાવે છે કે મોટા શહેરોમાં કોલેજ અને તેથી ઉચ્ચ અભ્યાસ નાં વિદ્યાર્થીઓ માટે આવા કાર્યક્રમો યોજાય છે ત્યારે કાલોલ નગરમાં શાળાના બાળકો માટે આવો કાર્યક્રમ આવી વિશાળ આંતરરાષ્ટ્રીય પરિષદ યોજવી અમારા માટે ગર્વની વાત છે. ૧૦૦ થી વધુ શાળાઓએ અમૃત માર્ગદર્શન માટે સાઈન અપ કરેલ છે.

## ગોધરા APMC ની મુલાકાતે આવેલ રાજયકક્ષાના કૃષિ મંત્રીએ ખાતરની અછત બાબતે નિવેદન કર્યું કે જીલ્લામાં ખાતરનો જથ્થો પુરતો છે



ગોધરા,

ગુજરાત રાજયકક્ષાના કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે ગોધરા એપીએમસીની મુલાકાત લઈ હોદ્દેદારો અને જીલ્લા કૃષિ વિભાગના અધિકારીઓ ઔપચારીક બેઠક યોજી તેમાં નિવેદન આપ્યુંકે, ખાતરની કૃત્રિમ અછત ઉભી કરેલ છે. તેમ જણાવ્યું. ગુજરાતમાં નવા નિમાયેલા રાજ્યકક્ષાના કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે ગોધરા એપીએમસીની મુલાકાતે આવ્યા હતા. જ્યાં એપીએમસી હોદ્દેદારો અને જીલ્લા કૃષિ વિભાગના અધિકારીઓ સાથે ઔપચારીક બેઠક યોજી હતી. પંચમહાલ જીલ્લામાં રાસાયણિક ખાતરની અછત અંગે નિવેદન આપ્યું હતું કે, ખાતરની કૃત્રિમ અછત ઉભી કરેલ વાત છે. જીલ્લામાં ખાતરનો જથ્થો પુરતા પ્રમાણમાં છે. હાલ જીલ્લામાં ૮૫,૮૬૦ ખાતરની બેગનો જથ્થો ઉપલબ્ધ છે તેમ જણાવ્યું.

## પંચમહાલ જીલ્લાની સરકારી, ખાનગી, ગ્રાન્ટેડ શાળાઓમાં અનુસુચિતજાતિના વિદ્યાર્થીઓની અટક સંબંધીત પ્રતિબંધીત શબ્દો ઉપયોગ ન કરવાના પરિપત્રની અવહેલના થતાં સામાજીક કાર્યકરની લેખિત રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી પ્રાથમિક, માદયમિક કે ઉચ્ચતર માદયમિક શાળામાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની અટક સંદર્ભે પ્રતિબંધિત શબ્દો ન લખવા બાબતે પરિપત્રો છતાં તેની અમલવારી ન થતાં સામાજીક કાર્યકર દ્વારા જીલ્લા શિક્ષણાધિકારીને લેખિત રજુઆત કરાઈ.

પંચમહાલ જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી પ્રાથમિક માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળામાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સામાજીક ન્યાય અધિકારીના વિભાગ દ્વારા સરકારી સુચનાથી પ્રતિબંધિત શબ્દો શાળાના રજીસ્ટર તેમજ શાળા છોડયાના પ્રમાણપત્રમાં ન કરવાની પત્રો દ્વારા અવારનવાર જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં આજદિન સુધી પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારીના તાબા હેઠળની શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિતજાતિના વિદ્યાર્થીઓ માટે શાળાના જનરલ રજીસ્ટર, હાજરી પત્રક, યુડાયસ, ચાઈલ્ડ ટ્રેકિંગ શાળા છોડયાના પ્રમાણપત્ર તેમજ રોજબરોજ વપરાતા રજીસ્ટરોમાં પ્રતિબંધિત શબ્દોના ઉપયોગ જોવા મળી રહ્યા છે અને સરકારના પરિપત્રની અવગણના શાળાના આચાર્યઓ દ્વારા કરવામાં આવેલ છે. તેનો લેખિત અભિપ્રાય મેળવી તેમજ સુધારાઓ કયાં સુધી કરવામાં આવશે. તેની બાંહેધરી આપવામાં આવે તેવી સામાજીક કાર્યકર નટુભાઈ પરમાર દ્વારા પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારીને કરવામાં આવી.

## હાલોલના ડેસર ગામેથી ચોરીના એમ્પ્લીફાયર સાથે એલ.સી.બી. પોલીસે એક ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના ડેસર ગામે રહેતા બે ઈસમો કોઈ જગ્યાએથી ડી.જે.સીસ્ટમના પાવરએમ એમ્પ્લીફાયર ચોરી લાવી સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે તપાસ કરી છોટાઉદેપુરના ચલામણી ગામેથી ચોરી કરેલ ૬૦ હજારનો મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ડેસર ગામે રહેતા રાકેશભાઈ ગુલાબભાઈ નાયક તથા અજય સરદારભાઈ નાયક બન્ને કોઈક સ્થળે ડી.જે. સીસ્ટમના પાવર એમ એમ્પ્લીફાયર ચોરી કરી લાવીને રાકેશ ગુલાબભાઈ નાયકના ઘરે સંતાડી રાખેલ છે અને વેચવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે એલ.બી.પોલીસે ડેસર ગામે તપાસ



કરતાં ડી.જે. સીસ્ટમ પાવર એમ એમ્પલીફાયર નંગ–૨ કિંમત ૬૦,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે રાકેશ ગુલાબભાઈ નાયકને ઝડપી પાડવામાં આવ્યો. પુછપરછ દરમિયાન પંદર દિવસ પહેલા છોટાઉદેપુરના ચલામણી ગામે ટેમ્પામાં ફીટ કરતાં હતા. તેની ચોર કરી લાવ્યા હોવાની કબુલાત કરતાં છોટાઉદેપુર પોલીસ મથકનો ચોરીનો ગુન્હાનો ભેદ ઉકેલવામાં આવ્યો.

## શહેરાના પાલીખંડા પાસેથી ઓવરલોડ રેતી ભરેલ ડમ્પર મામલતદારે ઝડપ્યું

શહેરા,

શહેરા–લુણાવાડા હાઈવે પર આવેલ પાલીખંડા પાસેથી ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરને મામલતદારે ઝડપી પાડી ને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જોકે ગ્રામીણ વિસ્તારમાં આવેલ નદી તેમજ કોતરમાંથી મોટાપાયે રેતી ખનન થઈ રહ્યું હોય ત્યારે આ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે પણ જરૂરી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલ જિલ્લામાંથી ગેરકાયદેસર રીતે સફેદ પથ્થર, રેતી તેમજ માટી જેવી ખનિજ સંપત્તિનું મોટા પ્રમાણમાં ખનન થતુ હોય છે. જેને રોકવા માટે તંત્ર દ્વારા ખનીજ ચોરો સામે લાલઆંખ કરી ગેરકાયદેસર રીતે ખનીજ સંપત્તિનું ખનન કરતા વાહનોને ઝડપી પાડવામાં આવતા હોય છે. ત્યારે શહેરા–લુણાવાડા હાઈવે માર્ગ પરથી એક ડમ્પર નંબર જીજે ૦૯ એક્સ ૯૨૪૦ રેતી ભરીને જઈ રહ્યું હોવાની જાણ શહેરા મામલતદાર એન.બી.મોદીને થતાં તેઓ શહેરા–લુણાવાડા હાઈવે પર આવેલ પાલીખંડા પાસે વોચમાં હતા તે સમય દરમિયાન ત્યાંથી જીજે ૦૯ એક્સ ૯૨૪૦ નંબરનું ડમ્પર લુણાવાડા તરફ પસાર થઈ રહ્યું હતું. જેથી તેને ઉભુ રખાવી રેતી અંગેના પાસ પરમીટ માંગતા રોયલ્ટી પાસમાં માત્ર ૧૯.૫ ટન રેતી ભરવાનો ઉલ્લેખ કરાયો હતો. જોકે, ડમ્પરને વજન કાંટાએ લઈ જઈ વજન કરાવતા તેમાં ૨૩.૯૭૫ ટન રેતી ભરેલ હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી ડમ્પરમાં ૪.૯૭૫ ટન વધુ રેતી ભરેલ હોવાનું સામે આવતા ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરને ઝડપી પાડી શહેરા તાલુકા સેવા સદન ખાતે લાવી કબ્જે કરી વધુ કાર્યવાહી માટે જિલ્લા ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરાયો હતો. જોકે, શહેરા તાલુકાના અનેક વિસ્તારોમાંથી નદી, કોતર માંથી ગેરકાયદે રેતી ખનન અને સફેદ પથ્થરનું ખનન થતું હોવા છતાં ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી રોકવામાં કોઈ રસ ન હોવાનું લાગી રહ્યું છે.

## ગોધરા તાલુકના ઈસરોડીયા ગામે ઘરમાં આગ લાગતાં રોકડ, અનાજ મળી ૪.૧૦ લાખનું નુકશાન



ગોધરા,

ગોધરા તાલુકાના ઈસરોડીયા ગામે ખેતરમાં આવેલ મકાનમાં આગ લાગતાં અનાજ, ચાંદીના દાગીના તેમજ મંદિર બાંધકામ માટે રાખેલ ૨,૨૫,૦૦૦/–રૂપીયા મળી ૪,૧૦,૦૦૦/–રૂપીયા નુકશાન થયાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ઈસરોડીયા ગામે રહેતા મંગાભાઈ સુરસીંગભાઈ રાઠવાના ખેતરમાં આવેલ મકાનમાં આગ લાગી હતી. આગ લાગતા દાનમાં આવેલ અનાજ ઘઉં–૬ મણ, ચોખા–૧૦ મણ, મકાઈ–૯૦ મણ, તુવેર દાળ–૩ મણ તેમજ ચાંદીના વપરાયેલ દાગીના ૩૦ ગ્રામ ઘરનો સરસામાન કપડાં તેમજ મંદિરના બાંધકા માટે દાનમાં આવેલ ૨,૨૫,૦૦૦/–રૂપીયા રોકડ, જરૂરી દસ્તાવેજ મળી ૪,૧૦,૦૦૦/–રૂપીયાનું નુકશાન થયાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.